# ઓજસ

માસઃ- ફેબ્રુઆરી | વર્ષઃ- ૨૦૧૧-૧૨ | અંકઃ- ૫

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે



## પ્રેરક

શ્રી એમ.એમ.જાની
જિલ્લા પ્રો.કો.ઓ. અને
જિ.પ્રા.શિક્ષણાધિકારી
અમદાવાદ.

## માર્ગદર્શક

શ્રી દિલીપકુમાર વઢેરા
ટીચર્સ ટ્રેનિંગ કો.ઓ.
એસ.એસ.એ.એમ., અમદાવાદ

## સંપાદક મંડળ

- શ્રી જુબેદાબેન એ. મલેક
  *(BRC Co. Dascroi)*
- તરૂણકુમાર પટેલ
  *(CRC Co. Bakrol Buzarg)*
- ધર્મેન્દ્રભાઇ પટેલ
  *(CRC Co. Anasan)*
- દિપકભાઇ પટેલ
  *(CRC Co. Kanbha)*
- ભાવનાબેન ગજ્જર
  *(CRC Co. Khodiyar)*

## પ્રકાશક

બી.આર.સી. દસ્ક્રોઇ
જિ.અમદાવાદ






લર્નિંગ એન્હાસમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત બી.આર.સી. દસ્ક્રોઇ દ્વારા પ્રકાશિત............

# સફળતાની કેડીએ...........

વ્હાલા વાચક મિત્રો,

RTE 2009-(રાઈટ ટુ કમ્પલ્સરી એજ્યુકેશન)થી સમાજના દરેક બાળકોને ફરજીયાત શિક્ષણ મેળવવાનો અધિકાર પ્રાપ્ત થયો તે આપણે સૌ જાણીએ છીએ. પરંતુ કાયદાને જાણવો અને તેનો સાચા અર્થમા અમલ કરવો એ તદ્દન જુદી વાત છે.

આધુનીક સમાજની તાતી જરુરીયાત એટલે આ ગુણવત્તા એટલે શુ "ગુણવત્તા સભર શિક્ષણ"? ગુણવત્તા કોને કઈશુ? શુ શાળાઓને રંગરોગાન કરવાથી, ઓરડા બાધવાથી, વર્ગો સજાવવાથી કે વિવિધ પ્રકારની તાલીમો લેવામાત્રથી શિક્ષણમા ગુણવત્તા નહિ વધેઅસરકારક શિક્ષણ સાર્થક કરવા શાળા સાથે સમાજે જાગ્રુત થવુ ખુબજ . .જરુરી છે શાળામા આવતા પ્રત્યેક બાળકના વાલી સુધી પહોચવુ પડશે .RTEના માધ્યમથી આપણે ગામેગામ SMCની રચના કરી છે. જે ગામની SMC જાગ્રુત છે તે ગામની શાળા અને શિક્ષણ પણ જાગ્રુત છે.

મિત્રો, આપણા સમાજમા અનેક શાળાઓ ખુબ સુંદર કામગીરી કરીને આજે પણ અનોખુ ઉ.દા. પુરુ પાડે છે. આવી અનેક શાળાઓમા આજે પણ સુંદર સંગીતમય પ્રાર્થના,સુંદર વર્ગખંડો,બાગ-બગીચા,અવનવા કાર્યક્રમો, બાળકોની નિયમિત હાજરી તથા વાલીઓ અને SMC નીસક્રીય ભાગીદારી જોવા મળે છે. તાજેતરમા યોજાયેલા તિથિભોજનના કાર્યક્રમોથી સફળતા એ વાતનો જીવતો જાગતો પુરાવો છે.જરુર છે તો માત્ર ઈચ્છા શક્તિની......

આગામી માસમા આપણે સૌ "તંદુરસ્ત SMC" સ્પર્ધાનુ આયોજન કરવા જઈ રહ્યા છીએ ત્યારે આ સ્પર્ધામા ભાગ લેવા સારુ દરેક સભ્યોને પ્રેરણા અને પ્રોત્સાહન પુરુ પાડવુ પડશે.શાળા અને શિક્ષણના સર્વાંગી વિકાસ માટે દરેક SMC દ્વારા આગવુ આયોજન કરવુ પડશે.દરેક SMC ના માધ્યમથી શાળા કક્ષાએ નવા નિતિ નિયમો અને આયોજન નક્કી કરવુ પડશે. જેના થકી શાળાના પ્રત્યેક બાળકના વાલીને શાળા સુધી લાવી શકાય. શિક્ષક,શિક્ષણ અને બાળકની ત્રિ ધ્રુવી પ્રક્રિયામા વાલીને પણ સક્રિય રીતે જોડવા, શાળામા બાળકોની હાજરી વધારવા, ભૌતિક સગવડો વધારવી, સ્વચ્છતા અને પૌસ્ટીક આહાર સબંધી જાગ્રુતી માટે શિક્ષક સમાજે સક્રિય ભુમિકા ભજવવી પડશે. SMC એ સર્વોપરી છે, જેના માધ્યમ અને સહકારથી આપ આપની શાળાનો સર્વાંગી વિકાસ કરશો એવી અપેક્ષા સહ આ તંદુરસ્ત SMC સ્પર્ધામા ભાગ લેવા સૌને મારુનમ્ર નિવેદન છે.

દિપક પટેલ
(સી.આર.સી.કો.ઓ. કણભા)

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન

સૌ ભણે સૌ આગળ વધે

1863-2013 150 સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ, ગુજરાત

# ગ્રામજનો નો શાળા પરિવારમાં સહકાર

## ખોડિયારપરા પ્રા.શાળા, તા:દશક્રોઇ

શાળા સમય દરમિયાન તો શાળા બાગ અને શાળાની પર્યાવરણ માટે બાળકો અને શાળાના બધા શિક્ષકો સજાગ હોય છે .પણ વેકેશનનો સમય આવે ત્યારે શાળા બાગ સુકાઇ જતા હોય છે,

જ્યારે ખોડિયારપરા પ્રા.શાળા માં સુંદર બાગીચાઓ અને ઔષધીબાગ ની જાળવણી કરવાનુ કામ જ્યારે શાળા સમય બાદ અને વેકેશનના સમય માં પાણી પીવડાવવાનુ તેમજ ખાતર વગેરે નાખી જાળવણી કરવાનુ કામ ખોડિયારપરા ના ગ્રામજનો ને આભારી છે. વેકેશન ના સમય દરમિયાન એક પણ છોડ સુકાઇ ન જાય કે પશુઓ તેનો નાશ ન કરે તેની પુરતી કાળજી ગ્રામજનો જ લે છે. અને શાળા ને હરીયાળીં ગ્રામજનો નો સહકાર થી શક્ય બની છે. અને ગરમી ના દિવસોમાં ઠંડક આપનારા 55 જેટલા તો આસોપાલવ ના વૃક્ષો,અને અન્ય વૃક્ષોની કુલ સંખ્યા 147 જેટલી અત્યારે હાલમાં શાળામાં છે ,તે ગ્રમજનો ને આભારી છે.

આમ શાળાની ગ્રીનરી માટે બાળકો,શિક્ષકો અને ગ્રામજનો અને SMC ના સભ્યો પુણ પોતાનો પુરતો ફાળો આપે છે.





તીથી ભોજન સપ્તાહ અંતર્ગત ભોજન માણતા બાકરોલ બુઝર્ગ પ્રા.શાળાનાં બાળકો





**નિરોગી હવા અને નિર્મળ જળ પામવા વૃક્ષો વાવીએ.**

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

150 1863-2013 સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ, ગુજરાત

# વેશ ભૂષા કાર્યક્રમ (વહેલાલ પ્રા.શાળા)

**મીના કેમ્પેઇન અંતર્ગત વહેલાલ પ્રા.શાળામાં ઉજવાયેલ વેશભૂષા કાર્યક્રમની એક ઝલક. . .**

મીના કેમ્પેઈન અંતર્ગત સી.આર.સી. એણાસણ ની વહેલાલ પ્રા.શાળા માં વેશભૂષા કાર્યક્રમ ની ઉજવણી કરવામાં આવી.

જેમાં બાળકો એ રામ, હનુમાન, ખોડીયાર માતાજી, વાનરસેના, ગાંધીજી ,પોલીસ, શાકભાજીવાળી,કનૈયો વિગેરે જેવા જુદાં-જુદાં વેશ પહેરીને બાળકો એ આનંદ થી આ કાર્યક્રમ ની ઉજવણી કરી. બાળકો ને શાળાએ આવવું ગમે ,રોકાવું ગમે અભ્યાસ માં તેમની રસરુચિ વધે તે માટે આ કાર્યક્રમ ની ઉજવણી કરવામાં આવી.બાળકો ને ખૂબ મજા આવી તથા તેમના વાલી ઓને પણ ઉત્સાહ માં વધારો થયો. અને બાળકો ની સાથે ગીતો ગાયા,નાચ્યા તથા આનંદપૂર્વક ઉજવણી કરી.





**ઘટતા જંગલ, વધતી આબાદી, પર્યાવરણની છે બરબાદી.**

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન

સૌ ભણે સૌ આગળ વધે

# સંકલિત ઉપચારાત્મક શિક્ષણ

150

1863-2013

સ્વામી વિવેકાનંદ

જન્મજયંતિ, ગુજરાત

## વહેલાલ પ્રાથમિક શાળા

સી.આર.સી. એણાસણ ની વહેલાલ પ્રા.શાળા માં સંકલિત ઉપચારાત્મક કાર્યક્રમ અંર્તગત શાળા માં ગુણોત્સવ માં 0 થી ૪ ગુણ મેળવેલ બાળકો ને તેમની વાચન,લેખન,ગણન ક્ષમતા ની નબળાઈ દૂર કરવા માટે ,તે બાળકો ને અભ્યાસ માં રસ પડે તે માટે બાળકો પાસે શાળા માં પતંગ બનાવડાવ્યા અને તેની અંદર જ અક્ષરલેખન, સંખ્યાલેખન,સરવાળા,બાદબાકી,શબ્દો લેખન, વાક્યલેખન વિગેરે બાબતો સાંકળીને બાળકો રસ પડે તેવી પ્રવૃતિ દ્વારા શિક્ષણકાર્ય કરવામાં આવ્યું. જેમાં બાળકો અ ખૂબ રસપૂર્વક પ્રવૃતિ કરી તથા સાથે અભ્યાસ મા પણ તેમનું ધ્યાન વધારે કેન્દ્રીત થતું માલુમ પડયું.આમ આવી જુદી-જુદી પ્રવૃતિ દ્વારા બાળકોની અંદર ની અભ્યાસ ની નબળી ક્ષમતાઓને સિધ્દ્ર કરી શકાય છે તે અહી તાદર્શ થયું.




## છારોડી પ્રાથમિક શાળા

અત્યારે વાચન ગણન લેખન અભિવૃધ્ધિ માટે તમામ શાળાઓ માં સંકલિત ઉપચારાત્મક વર્ગો ચાલી રહયા છે,ત્યારે જ્યારે બાળકોમાં ગુજરાતી વાચન મા છારોડી પ્રા,શાળામાં ધો-3 થી 7માં 0 થી 10 ગુણ માં એક પણ બાળક આવતુ નથી અને તમામ ધો-3 થી 7ના બાળકો વાંચી શકે છે.જે શાળાના બધા શિક્ષકોની મહેનત અને ટીએલએમ દ્રારા શીખતા કરવાની સુઝ ને આભારી છે.

છારોડી પ્રા.શાળામાં એડેપ્સ અંર્તગત વિધાર્થી પ્રોફાઇલને અપડેટ કરવા માટે શિક્ષકોએ વિવિધ પ્રકારની વાચન,ગણન,લેખન માટે ખાના બનાવેલા છે,જેમાં શિક્ષકોએ નહી પણ વિધાર્થી જાતે આવીને પોતાને જે આવડી જાય તેમાં ટીકમાર્ક કરે છે,જેને લીધે ગણન,અને લેખન મા બાળકો ની સારી શૈક્ષણિક સિધ્ધિ જોવા મળી છે.દરેક શિક્ષકે આવી પ્રોફાઇલ બનાવવા જેવી છે.



**પુષ્પ અને પુસ્તક જીવનને સુવાસિત કરવા પ્રેરણા પાથેય છે.**

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

150
1863-2013
સ્વામી વિવેકાનંદ
જન્મજયંતિ, ગુજરાત

## પ્રવુતિ દ્વારા જ્ઞાન (પ્રજ્ઞા અભિગમ)

વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે શાળા શિક્ષણમાં કે વર્ગશિક્ષણમાં અનેકવિધ અભિગમોનો શિક્ષક ઉપયોગ કરતો રહયો છે જે કયારેક શિક્ષકકેન્દ્રી, બાળકેન્દ્રી, વર્ગખંડ કેન્દ્રી કે પાઠયપુસ્તકકેન્દ્રી હોય છે. વર્ગના તમામ બાળકોને કેન્દ્રમાં રાખીને તેમની વૈયકતિક ભિન્નતાઓને ઘ્યાનમાં લઈને,તેમની ક્ષમતાગતીને આધારે શિક્ષણ આપવું હંમેશા મુશ્કેલ રહેલ છે. શિક્ષણવિદો અને શિક્ષકો એવી પ્રઘ્ધતિ અને અભિગમોની શોધમાં હોય છે. વર્ગખંડના તમામ બાળકોને શિક્ષણ પ્રક્રિયામાં જોડી શકાય અને તેમની શૈક્ષણિક સિદ્ધિઓને મૂલ્યાંકન અને માપન પણ થઈ શકે. આ તમામ પ્રક્રિયાને જોડી શિક્ષણમાં અસરકારક બને તેવો અભિગમ એટલે પ્રજ્ઞા.

### પ્રજ્ઞા અભિગમના મુખ્યમુદ્દા

- પ્રવુતિ દ્વારા જ્ઞાન
- જૂથ આધારીત શિક્ષણ
- વર્ગખંડની વિશિષ્ટ કાર્યપ્રણાલી
- વિશિષ્ટ અધ્યયન–અધ્યાપન સામગ્રી
- સહપાઠીશિક્ષણ
- મલ્યાંકન

### પ્રજ્ઞા અભિગમના હેતુઓ

- પ્રત્યેક બાળક પોતાની ગતિ મુજબ શિક્ષણ મેળવવાની તક મેળવે છે. વિશેષ જરૂરિયાતવાળા બાળકોને પૂરતો સમય અને તક મળે.
- ભાર વગરના પ્રવુતિલક્ષી આનંદદાયી શિક્ષણની તક પ્રાપ્ત કરે છે.
- પ્રત્યેક બાળક ગુણવતાલક્ષી શિક્ષણમેળવી પોતાની ક્ષમતા વિકસિત કરે છે.
- પોતાના કાર્ય અને સાધનસામગ્રી તથા પ્રદ્રતિઓનું સ્વમૂલ્યાંકન કરે.
- બાળકો એકબીજાના સહયોગથી શિક્ષણ મેળવે.

**આમ પ્રજ્ઞા અભિગમ એ વર્ગશિક્ષણના ક્ષેત્રમાં પરિવર્તન લાવનાર અભિગમ છે જે શિક્ષક અને વિદ્યાર્થીઓ માટે આર્શીવાદરૂપ છે.**

### --- વાચકોનાં "ઓજસ" ને મળેલા પ્રતિભાવો ---

આપના ઓજસનો ગયો અંક વાંચ્યો, આપના આ ઓજસમાં થયેલ પ્રવૃત્તિની સાથે સાથે આવનાર માસમાં યોજાનાર પ્રવૃત્તિની પણ માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવે તો, સમગ્ર તાલુકાનાં શિક્ષકોને કાર્યક્રમનાં આયોજનમાં માર્ગદર્શક રૂપ બની રહેશે.

- જયમીન ડી. પટેલ
- આ.શિ. એણાસણ પ્રા.શાળા
Via E-mail - **********4@yahoo.com

ઓજસની શરૂઆતે દસ્ક્રોઇ તાલુકાનાં શિક્ષણમાં ઓજસ દીપી ઉઠેલ દેખાય છે. ઓજસ દ્વારા માર્ગદર્શન અને માહિતીનો સુમેળ સંધાય છે. દીવાના પ્રકાશ સમાન આપણા તાલુકાના કાર્યક્રમોને સમગ્ર શિક્ષણ જગત સામે મુકતા આપના આ "ઓજસ" ની સફળતા બદલ અભિનંદન.

- યાસીન એમ. અજમેરી
- આ.શિ. હરણિયાવ પ્રા.શાળા

**પુસ્તક વિનાનું ઘર, એ બારી વગરનાં ઓરડા જેવુ છે.**

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

150 1863-2013 સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ, ગુજરાત

## આ માસમાં થયેલ પ્રવૃત્તિઓની તસવીર ઝલક



બાળ મેળાની ઉજવણી ઝાણું પ્રા.શાળા



બાળ મેળાની ઉજવણી ઝાણું પ્રા.શાળા




ગતરાડ પ્રા.શાળા દ્વારા આયોજિત મતદાર જાગૃતિ રેલી



બાળ મેળાની ઉજવણી ખોડિયાર પ્રા.શાળા

**ઓજસ કાર્યાલય :**

બી.આર.સી.ભવન દસ્ક્રોઈ
સર્વ શિક્ષા અભિયાન મિશન,
તાલુકા શાળાના કેમ્પસમાં, બારેજા
તા.દસ્ક્રોઈ, જિ.અમદાવાદ
email : brc.abd.daskroi@gmail.com

આપના લેખ, ફોટોગ્રાફસ, નૂતન પ્રયોગો અનુભવ,વર્ણન, વિચાર, પ્રતિભાવ ઉપરોક્ત સરનામે મોકલી આપશો.

To, ____________________

____________________

____________________

____________________

____________________